# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ००૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૮/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં કસ્ટમ્સ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ નિકાસકારોને કસ્ટમની સુવિધા વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવારે, તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'નિકાસકારો માટે કસ્ટમ સુવિધા' વિશે અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સેન્ટ્રલ એકસાઇઝ અમદાવાદના પ્રિન્સીપલ કમિશનર શ્રી કુમાર સંતોષ અને એડીશનલ કમિશનર શ્રી બિનય પ્રતાપ સિંઘ તથા કસ્ટમ હાઉસ હજીરાના ડેપ્યુટી કમિશનરો શ્રી રજત સકસેના, શ્રી ઘનશ્યામ સોની અને ડો. પ્રસાદ વારવાંટકરે નિકાસકારોને કસ્ટમની સુવિધા વિશે તેમજ એક્ષ્પોર્ટ માટે ઉદ્દ્ભવતી નાની – નાની સમસ્યાઓને દૂર કરવા માટે શું કાળજી રાખવી તે વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દ્બોધનમાં ચેમ્બરના માધ્યમથી સભ્યો દ્વારા કરવામાં આવેલા એક્ષ્પોર્ટની આંકડાકીય માહિતી રજૂ કરી હતી. એક્ષ્પોર્ટમાં થયેલા ઘટાડા વિશે તેમણે કસ્ટમ્સ વિભાગનું ધ્યાન દોરી એક્ષ્પોર્ટને વધારવા માટે પ્રયાસ કરવા તેમજ નિકાસકારોને ઉદ્દ્ભવતી નાની – નાની સમસ્યાઓના નિરાકરણ માટે અનુરોધ કર્યો હતો.

સેન્ટ્રલ એકસાઇઝ અમદાવાદના પ્રિન્સીપલ કમિશનર શ્રી કુમાર સંતોષ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, નિકાસકારોને એક્ષ્પોર્ટ કરવા માટે જે કઈ મુશ્કેલી પડી રહી છે તેના નિરાકરણ માટે વિભાગ દ્વારા ચોકકસપણે પ્રયાસ કરવામાં આવશે. નિકાસકારોને જે કઈ મુશ્કેલી પડે છે તેમાં ખૂબ જ નાની – નાની સમસ્યાઓ જેવી કે ઇન્ટીગ્રેશન અને ટેકનીકલ મુશ્કેલીઓનો સમાવેશ થાય છે. ખાસ કરીને શિપીગ બીલમાં ઘણી એરર આવે છે.

આથી નિકાસકારોએ શિપીગ બીલ વ્યવસ્થીત ફાઇલ કરવુ જોઇએ. શિપીગ બીલમાં એરર હોય તો સ્વાભાવિકપણે સિસ્ટમ એને સ્વીકારતુ નથી.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, મિસમેચ ઈન્વોઇસને કારણે રીફંડ માટે પણ સમસ્યા ઉદ્ભવે છે. આથી નિકાસકારોએ નાની – નાની ભૂલોને સુધારવી જોઇએ તેમજ બેંક મેજર્સ બાદ નવા કોડ નાંખવામાં ઘ્યાન રાખવું જોઇએ. આ ઉપરાંત તેમણે ડ્યુટી ડ્રો બેક પેમેન્ટ અને એક્ષ્પોર્ટ માટેની પરમીશન વિશે પણ નિકાસકારોને સમજણ આપી હતી.

આ અવેરનેસ સેશનમાં ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના હેડ શ્રી હેમંત દેસાઇ અને જીએસટી કમિટીના એડવાઇઝર સીએ કિશોરચંદ્ર ઘીવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ નિકાસકારોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. અંતે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.